ક્રમાંક–૧

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ત્રીજું સત્ર**
**બુધવાર, તા.૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩**

**( પોલીસ બેન્ડ દ્વારા બેઠકની શરૂઆતમાં ''જન ગણ મન અધિનાયક'' રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવી.)**

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરીએ માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ તથા સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, આમંત્રિત મહાનુભાવો તથા સભાગૃહના સર્વે સભ્યોને આજના આ ઐતિહાસિક દિવસે શબ્દ પુષ્પો દ્વારા આવકારતું હિન્દીમાં સંબોધન કર્યું.

ત્યારબાદ મહામહિમ્ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ડિજિટલ હાઉસનું લોન્ચિંગ કર્યું.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ, માનનીય ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઇ ભરવાડ તથા સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલ, આમંત્રિત મહાનુભાવો તથા સભાગૃહના સર્વે સભ્યોને આજના આ ઐતિહાસિક દિવસે શબ્દ પુષ્પો દ્વારા આવકારતું હિન્દીમાં સંબોધન કર્યું.

માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ સવારના ૧૦–૨૬ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

(રાષ્ટ્રપતિશ્રીનું સંબોધન સવારના ૧૦–૩૯ વાગ્યે પૂરું થયું. )

**(પોલીસ બેન્ડ દ્વારા બેઠકના અંતમાં ''જન ગણ મન અધિનાયક'' રાષ્ટ્રગીતની ધૂન વગાડવામાં આવી.)**

**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**ગૃહની બેઠકની શરૂઆત વંદેમાતરમ્ રાષ્ટ્રગીતની ટ્યૂન વગાડી કરવામાં આવી.**

**૧. પ્રશ્નોત્તરી**

બુધવાર, તા.૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪,૫, ૬, ૮ અને ૯ ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતાક્રમ–૭ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ–૧૦થી ૧૧૨ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૨. શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ મંત્રી સ્વ.શ્રી હસમુખભાઇ છગનભાઇ પટેલ, સ્વ.શ્રી રણજીતસિંહ જીલુભા ઝાલા, ગુજરાતના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી સ્વ. ડો. સુશીલાબેન કેશવલાલ શેઠ, સ્વ.શ્રી વલ્લભભાઇ વશરામભાઇ વઘાસિયા, ગુજરાતના પૂર્વ સભ્ય સ્વ.શ્રી જેઠાભાઇ ભુરાભાઇ રાઠોડ અને સ્વ.શ્રી પ્રતાપસિંહ એભલભાઇ મોરીના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા, મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ, ડો. તુષાર ચૌધરી, શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા, શ્રી કિરીટસિંહ રાણાએ શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

**૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

(૧) સન ૨૦૨૩નો વટહુકમ ક્રમાંક–૧–સન ૨૦૨૩નો ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ

(૨) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ,

હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દશાવતું નિવેદન

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા

(૩) ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઇલ સિટી લિમિટેડનો ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દશાવતું નિવેદન

શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ

(૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

માનનીય રાજ્ય કક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ

(૫) ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૦-૨૦૨૧નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દશાવતું નિવેદન

માનનીય રાજ્ય કક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી

(૬) ગુજરાત સ્લમ ક્લિયરન્સ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને તેના પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

શહેરી ગૃહનિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ

(૭) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

(૮) સન ૧૯૬૩ના ગુજરાત રાજ્ય બાંહેધરી અધિનિયમ અન્વયે,

(ક) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન રાજ્ય સરકારે જે તે સંસ્થા વતી આપેલ બાંહેધરીઓની વિગતો દર્શાવતું પત્રક-૧

(ખ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ચૂકવેલ રકમની વિગતો દર્શાવતું પત્રક-૨,

(ગ) બાંહેધરી આપનારની રૂએ જે તે સંસ્થા વતી સરકારે ચૂકવેલ રકમ પૈકી વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન જે તે સંસ્થા પાસેથી વસૂલ કરેલી રકમની વિગતો દર્શાવતું પત્રક-૩

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ

(૯) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેના નાણા વિભાગના,

(૧)તા.૦૪/૦૫/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૨૦)જીએસટી-૨૦૨૧/એસ.૧૨૮(૨૭)ઠ.

(૨)તા.૦૯/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૨૯)જીએસટી-૨૦૨૧/આર.૪૮(૪)(૭)ઠ.

(૩)તા.૦૯/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૩૧)જીએસટી-૨૦૨૧/ એસ.૧૪૮(૩૮)ઠ.

(૪)તા.૦૯/૦૬/૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૩૩)જીએસટી-૨૦૨૧/એસ.૧૬૪(૭૨)ઠ.

(૫)તા.૦૬/૦૮/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૬૪)જીએસટી-૨૦૨૨/આર.૪૮(૪)(૧૦)ઠ.

(૬)તા.૩૦/૦૯/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંકઃ (જીએચએન-૬૮)જીએસટી-૨૦૨૨/એસ.૧(૧૮)ઠ

તેમજ ઉકત જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ

(૧૦) અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના,

(૧) સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેનું તા. ૦૨/૦૫/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૩/૦૭/એમકેએમ/ઇ.ફાઇલ/૫/૨૦૨૩/૦૨૦૯/ક-૧-પીએફ.૧ (૨) સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેનું તા.૧૬/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૩/૩/સીપીએ/૧૦૨૦૨૧/૮૦૨૨૨/ડી તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

માનનીય અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા

**૪. અનુમતિ મળેલ વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧૫, ૧૬ અને ૧૭ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૫. વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો ત્રીજો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

(૨) અંદાજ સમિતિના પ્રમુખ શ્રીમતી મનીષાબેન વકીલે સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય.''

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

**૭. સરકારી વિધેયકો**

(૧) માનનીય રાજ્ય કક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૩નું ચાંપાનેર–પાવાગઢ આર્કિયોલોજિકલ પાર્ક વર્લ્ડ હેરીટેજઅ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી ( રદ કરવા બાબત) વિધેયક દાખલ કર્યું.

**૮. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ સભ્ય શ્રીમતી નિમિષાબેન સુથાર અને સભ્યશ્રી હર્ષદકુમાર પટેલના જન્મદિન નિમિત્તે સૌ સભ્યો વતી શુભેચ્છા પાઠવી.

(૨) હવે પછી સૌ સભ્યશ્રીઓની હાજરી ટેબ્લેટ સ્ક્રીનથી ઓટોમેટિક પુરાઇ જશે, એટલે સિગ્નેચર ડિજિટલ થવા અંગેની અને ફિઝિકલી હાજરીમાંથી મુક્તિ અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**૯. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

આજે શોકદર્શક પ્રસ્તાવ દરમ્યાન પાંચથી વધારે માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન છોડીને બહાર ગયા હોવાથી આ બાબતને માનનીય અધ્યક્ષશ્રીએ ગંભીરતાથી લઇ, આ ત્રીજું સત્ર હોવાથી સભ્યશ્રીઓને આની જાણકારી હોવી જોઇએ તેમ જણાવી શોકદર્શક ઉલ્લેખો દરમ્યાન ફરી આવું ન થાય તે માટે માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી.

**૧૦. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા દ્વારા કામકાજ સલાહકાર સમિતિમાં થયેલ નિર્ણય અનુસાર ગૃહની બેઠક શનિવારના એક દિવસ માટે વધારેલ હોવાથી જિલ્લા કક્ષાની સંકલન સમિતિ અને બીજી સમિતિઓમાં જે તે ધારાસભ્યશ્રીઓ સભ્ય હોવાથી જઇ શકશે નહિ, જેથી આવી સમિતિઓ બીજા દિવસે મળે તેવી સૂચના આપવા માટેની વિનંતી કરતા, જે જે ધારાસભ્યશ્રીઓ જે જે કમિટીમાં હોય તેવી સમિતિઓ મુલતવી રાખી અને બીજી કોઇ તારીખે રાખવા માટે સામાન્ય વહીવટ વિભાગના માધ્યમથી સૂચના આપવા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

**૧૧. સરકારી વિધેયકો (ક્રમશઃ)**

માનનીય રાજ્ય કક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૨૦–સન ૨૦૨૩નું ચાંપાનેર–પાવાગઢ આર્કિયોલોજિકલ પાર્ક વર્લ્ડ હેરીટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી( રદ કરવા બાબત) વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા | (૩) શ્રી ફતેસિંહ ચૌહાણ |
| (૨) શ્રી જયદ્રથસિંહજી પરમાર | (૪) ડો.સી.જે. ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી) |

(વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦ )

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીએ ચર્ચામાં ભાગ લીધો.

(૫) શ્રીમતી નિમિષાબેન સુથાર

ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમવાર વાચન

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૯–સન ૨૦૨૩નું ગુજરાત માલ અને સેવા વેરા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નરેશભાઇ પટેલ
(૨) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૩) શ્રી અનિરુદ્ધભાઇ દવે
(૪) શ્રી શૈલેષ પરમાર
(૫) શ્રીમતી મનીષાબેન વકીલ
(૬) શ્રી સંદીપ દેસાઇ
(૭) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૮) ડો.સી.જે. ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમવાર વાચન

કલમ–૨થી ૨૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૨૮, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.(પ્રવચન અધૂરું)

**૧૨. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો વિધેયક પરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૪–૫૯)

**૧૩. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૮–સન ૨૦૨૩નું ગુજરાત કરવેરાને લગતા કાયદા (સુધારા) વિધેયકના સમર્થનમાં પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

ત્યારબાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) શ્રી અમીત ઠાકર
(૩) શ્રી અરવિંદ રાણા
(૪) શ્રી શૈલેષ પરમાર
(૫) શ્રી ભરતભાઇ પટેલ
(૬) ડો.સી.જે. ચાવડા(કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમવાર વાચન

કલમ–૨થી ૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨થી ૬, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરુવાર તા.૧૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫–૪૫ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૩મી સપ્ટેમ્બર, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.